ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# આકાશમાં વરસાદી વાદળોનુ સામ્રાજય, પરંતુ મેઘરાજાનો મંદ મિજાજ

## રોજબરોજ છાંટણા વરસાવી વરસાદ હાજરી પુરાવી જાય છે : સતત વાદળિયા વાતાવરણના લીધે નગરજનો બેચેનીનો શિકાર

ગાંધીનગર તા ૩૧

શહેરમાં રોજબરોજ વરસાદી વાદળો ગોરંભાય છે. આકાશી નઝારો પણ નિખરે છે. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી મેઘરાજા રોજબરોજ હાજરી પુરાવી અદ્રશ્ય થઈ જાય છે. આજે પણ સવારથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા. પરંતુ આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો દિવસના અંતે પણ વરસ્યા ન હતા. દિનભર વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો.

ગાંધીનગરમાં વરસાદી નઝારો રોજબરોજ નિખરે છે. આકાશમાં ગોરંભાયેલા વાદલો હમણાં વરસીને ચોમેર પાણી પાણી કરી નાંખશે તેવો નઝારો રોજ આંખ સામે સર્જાય છે. પરંતુ સૌરાષ્ટ્ર સહીત દક્ષિણ ગુજરાતના વિસ્તારને પાણીમાં ઘમરોળી નાંખતા મેઘરાજા ગાંધીનગરમાં મંદ



મિજાજમાં હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. ત્યારે આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા નથી દિવસ દરમિયાન સુર્યપ્રકાશની ગેરહાજરી વચ્ચે વરસાદી માહોલ જામે છે. કાળા ડીંબાગ વાદળોથી ઘેરાયેલા રહેતા આકાશ તરફ નજર નાંખતા હમણા મેઘરાજા ધોધમાર વરસી પડશે તેવો અહેસાસ કરતા નગરજનો પણ વરસાદના આ વિચિત્ર મિજાજથી કંટાળી ગયા છે.

એકબાજુ રોજબરોજ હાજરી પુરાવતા વરસાદ વચ્ચે ઝરમરિયા અને છુટાછવાયા છાંટણાના અંતે નગરમાં ભીંજારાનો માહોલ યથાવત છે. ત્યારે મનમુકીને ન વરસતા વરસાદ સાથે સતત વાદળિયુ વાતાવરણ પણ નાગરિકો માટે બેચેનીનુ કારણ બન્યુ છે. વરસાદી વાતાવરણ વચ્ચે નગરજનો સુસ્તીનો શિકાર બની રહ્યા છે.

બીજીતરફ સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ વધી છે જેના લીધે વાદળિયુ વાતાવરણ મચ્છર સહીત જીવાતો માટે પણ સાનુકુળ બનતા સેકટરવાસીઓ કોરોનાના કહેર વચ્ચે આરોગ્યના મામલે વધુ ચિંતિત બન્યા છે. સવારથી જ વરસાદી નઝારો જામે છે. પરંતુ વરસાદ વરસતો નથી.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૧ કેસ નોંધાયા

## ગાંધીનગરમાં ૧૦, માણસામાં 3, દહેગામમાં 3 અને કલોલમાં પાંચ કેસ નોંધાયા : સારવાર દરમિયાન વધુ બે દર્દીના મોત

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૧ કેસ કોરોનાના મળી આવ્યા છે. આજે સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત પણ થતાં તંત્રમાં આજે સન્નાટો જોવા મળતો હતો.

મળતી વિગતો પ્રમાણે પેથાપુરના એક દર્દીનું તેમજ દહેગામની એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત થવા પામ્યુ છે. આજે બે મોત થતાં તંત્રમાં શોકની લાગણી પ્રસરેલી જોવા મળતી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મૃત્યુઆંકને લઈ તંત્રની ચિંતા વધી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણના કેસો જે વધી રહ્યા છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકા તરફની ગતિ હોવાનું તંત્રના અંતરંગ સૂત્રો સ્વીકારી રહ્યા છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા પણ તંત્રની ચિંતામાં વધારો કરી રહી છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૧૦, દહેગામમાં ૩, માણસામાં ૩ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે સરઢવ ગામેથી આજે એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પ્રાંતિયામાંથી એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોલવડામાંથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રૂપાલમાંથી ૭૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૮ વર્ષીય પુરૂષ અને ૩૨ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે. ખોરજમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પોરમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૩૭ વર્ષીય પુરૂષ અને ૨૨ વર્ષીય યુવાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ચિલોડામાંથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામમાં અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી આવ્યો છે. દહેગામ અર્બનમાંથી ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં ભાથાજીની મુવાડી ગામેથી ૨૫ વર્ષીય યુવાન તેમજ વાસણા ચૌધરી ગામેથી ૮૦ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી પણ આજે ૩ કેસ મળી આવ્યા છે. ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

લોદરામાંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૯ વર્ષીય મહિલા, ૩૮ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રિદ્રોલ ગામેથી એક ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણના કેસો ૧૫૦ના આંકને પાર કરી ગયા છે તેથી તંત્રની ચિંતા વધી રહી છે.

● અનુસંધાન પાના - ૭ પર

## શહેરમાં કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા

### સે. ૧૭ માં ૨, સે. 3 માં ૨ ઉપરાંત સે. ૮, ૭, ૩, ૪, ૨, સે. ૨૮, સે. ૨૯, સે. ૬ તેમજ જી.ઈ.બી. છાપરા અને ચરેડી છાપરામાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૮૧૬ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસો સે. ૧૭ માં ૨, સે. ૩ માં ૨ ઉપરાંત જી.ઈ.બી. છાપરા, ચરેડી છાપરા, સે. ૮, ૭, ૪, ૨, ૬, સે. ૨૮, ૨૯ માંથી કેસ મળી આવ્યા છે.

આજે નોંધાયેલા દર્દીઓમાં ડે. એન્જી. પી.આઈ.યુ., સાબરમતી ગેસ કંપનીનો કર્મયોગી, વિધાનસભાના ઉપ સચિવ, નાણાં વિભાગનો નાયબ સેકશન અધિકારી, જી.ટી.પી.એલ.નો કર્મચારી તેમજ મનોચિકિત્સકનો સમાવેશ થાય છે.

શહેરમાં વધી રહેલા કેસોને જોતાં શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શક્યતાઓ વધુ જોવાઈ રહી છે. જો કે શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. શહેરમાં આજે સ્લમ વિસ્તાર તરીકે ઓળખાતા જી.ઈ.બી. છાપરા અને ચરેડી છાપરામાંથી એક-એક કેસ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સે. ૧૭ માં પણ કેસો જે રીતે વધી રહ્યા છે તે બાબતને ગંભીરતાથી લઈ સઘન

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી ૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી આગામી ૯મી સપ્ટેમ્બરના રોજ યોજાશે.

તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન આઈ. વાઘેલાની મુદત જે ૧૯ સપ્ટેમ્બરના રોજ પુરી થતી હોવાથી તે પહેલાં ચૂંટણી કરવી જરૂરી હોવાથી આજે આ અંગેનો એજન્ડા સભ્યોને મોકલી આપવામાં આવ્યો છે.

૯મીએ તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીને લઈ જો અને તો નું રાજકારણ પુનઃ એકવાર સક્રિય થયુ છે. જો નવમી પહેલાં ગાંધીનગર શહેરમાં ભેળવાયેલ ૧૮ ગામની તા.પં.ની બેઠકોના સદસ્યો અંગે સરકાર દ્વારા નિર્ણય નહિ લેવાય તો બન્ને પક્ષે ૧૮-૧૮ મત પડશે અને નવા પ્રમુખ ચિઠ્ઠી ઉછાળીને નક્કી કરવા પડે તેવી સ્થિતિ ઉભી થશે.

જો નવ સભ્યોના રાજકીય ભાવિનો નિર્ણય આ પહેલાં લેવાઈ જશે તો તાલુકા પંચાયતમાં કોંગ્રેસને કબ્જો કરવામાં સરળતા રહેશે. જે નવ સભ્યોના ભાવિ છે તેમાં ભાજપના ૬ સભ્યો અને

**જો અને તો નું રાજકારણ પુનઃ ગરમાયુ : નવ સભ્યોના રાજકીય ભાવિ અંગે સરકારનો નિર્ણય પરિણામને અસર કરતો હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધી**

કોંગ્રેસના ૩ સભ્યોનો સમાવેશ થાય છે.

ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષે પ્રમુખપદને લઈ બેઠકોનો દોર આરંભી દીધો છે. જો કે ભાજપને છેલ્લી ઘડીએ જેમ કોંગ્રેસના સભ્યોએ ગઈ વખતે આડકતરી મદદ કરી હતી તેવી વ્યુહરચના આ વખતે ના ઘડાય તે માટે કોંગ્રેસે કમર કસી છે. સર્વાનુમતે જ ઉમેદવારોની પસંદગી થશે તેવુ કોંગ્રેસના આગેવાનો કહી રહ્યા છે.

બીજી તરફ ભાજપે હજુ મગનું નામ મરી પાડ્યુ નથી. પ્રદેશ પ્રમુખનો જિલ્લા પ્રવાસ પૂર્ણ થયા બાદ આ અંગેની રણનીતિ બધાને સાથે રાખી તૈયાર કરવામાં આવશે તેમ ભાજપના સૂત્રો કહી રહ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ગાંધીનગર તાલુકાને વિકાસથી અળગો નહિ કરાય અને વિકાસ વેગીલો બને તે જ અમારૂ લક્ષ્ય છે.

ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષે નવમીની ચૂંટણીને લઈ હાલ તો મૌન સેવી રહ્યા છે પરંતુ આ પરિણામો જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલાં મહત્વના હોવાથી બન્ને પક્ષો કોઈ જ કસર છોડવાના મૂડમાં નથી. આ માટે બન્ને પક્ષોએ તેમની રણનીતિ તૈયાર કરવા માટે હાલ પ્રાથમિક કવાયતો હાથ ધરી છે.

# રાજ્યભરમાં ૧૨૦ ટકા વરસાદ

ગાંધીનગર,તા.૩૧

રાજયમાં થઈ રહેલા સાર્વત્રિક વરસાદને પરિણામે સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા અને આગોતરા આયોજન માટે મુખ્ય સચિવ ડો. અનિલ મૂકીમે આજે રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા. વરસાદને પગલે રાજયના ડેમો-જળાશયોની સ્થિતિની સમિક્ષા કરી સંભવિત તમામ પરિસ્થિતિને પહોંચી વળવા રાજયનું વહીવટી તંત્ર સુસજ્જ છે અને રાજયમાં પરિસ્થિતિ હાલ સંપુર્ણ નિયંત્રણ હેઠળ છે તેમ જણાવ્યું હતું. રાહત કમિશનર ડો. હર્ષદ પટેલે સમીક્ષા બેઠક બાદ મીડિયાને વિગતો આપતા કહ્યું કે, આગામી દિવસોમાં રાજયમાં વરસાદનું પ્રમાણ ઘટશે તેવી હવામાન વિભાગની આગાહી છે. હાલ ૧૩ એનડીઆરએફની ટીમો અને એસડીઆરએફની બે ટીમો સંબધીત જિલ્લાઓમાં તૈનાત છે. તે ઉપરાંત એનડીઆરએફ-એસડીઆરએફની અન્ય ૧૧ ટીમો સ્ટેન્ડબાય-રિઝર્વ રાખવામાં આવી છે. પટેલે ઉમેર્યું કે, રાજયમાં ડેમ-જળાશયોની સ્થિતિ ઉપર સતત મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. આજે યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવ દ્વારા પણ આ સંદર્ભે જરૂરી સમીક્ષા કરીને સંબંધિત વિભાગ તથા સ્થાનિક વહિવટી તંત્રને અગમચેતીના પગલા લેવા તથા જરુર જણાય ત્યાં સ્થળાંતરની કાર્યવાહી કરવા તાકિદ કરી હતી. પટેલે ઉમેર્યું હતું કે, રાજયમાં ૯૪ તાલુકાઓ એવા છે કે જેમાં મોસમનો ૧૦૦૦ મીમી થી વધુ વરસાદ વરસ્યો છે. એ જ રીતે ૧૩૩ તાલુકાઓમાં ૫૦૧ થી ૧૦૦૦ મીમી સુધી, ૨૪ તાલુકાઓમાં ૨૫૧ થી ૫૦૦ મીમી સુધી અને ૨૫૦ મીમીથી ઓછો વરસાદ વરસ્યો હોય તેવા એક પણ જિલ્લા નથી.

આમ સમગ્ર રાજયમાં મોસમનો સરેરાશ વરસાદ ૧૧૯.૭૮ ટકા થઈ ગયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૨૫૧.૬૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૬૨.૬૪ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૦૨.૪૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૦૧.૭૨ ટકા અને પૂર્વ મધ્ય ગુજરાતમાં ૮૭.૫૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. પટેલે ઉમેર્યુ કે, રાજયમાં થયેલા સારા વરસાદના પરિણામે સરદાર સરોવર ડેમમાં હાલ ૨,૬૭,૦૧૦ એમસીએફટી જળસંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહશક્તિના ૭૯.૯૨ ટકા જેટલો છે. હાલ ૧૩૮.૬૮ મીટરે જળ સપાટી છે. તે ઉપરાંત રાજયના ૨૦૫ જળાશયો પૈકી ૧૫૪ જળાશયો હાઈ એલર્ટ પર, ૧૨ જળાશયો એલર્ટ પર અને ૧૨ જળાશયો વોર્નિંગ ઉપર છે. ૧૦૦ ટકાથી વધુ ભરાયેલા ડેમ ૧૦૩ છે. રાજ્યમાં કુલ ૬૨ નદીઓ અને ૭૮ મોટા તળાવ ઓવરફ્લો થયા છે.

# સ્વામી વિવેકાનંદ એકેડેમીના સંચાલક રાજુભાઈ પટેલનું દુ:ખદ અવસાન

## વહેલી સવારે આવેલ હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું : શહેરમાં શિક્ષણ તથા કારકિર્દીલક્ષી તાલીમ ક્ષેત્રે સ્વ. રાજુભાઈનો અમૂલ્ય ફાળો : રાષ્ટ્રવાદી વિચારધારા સાથે ઉમદા માનવી તરીકે જાણીતા હતા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના ઘ-૫ સર્કલ નજીક સેક્ટર-૨૨ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને તાલીમ આપતી સંસ્થા સ્વામી વિવેકાનંદ એકેડેમીના સંચાલક રાજુભાઈ પટેલનું આજે સવારે હૃદયરોગના હુમલાને પગલે દુ:ખદ અવસાન થતાં સમગ્ર શહેરના શૈક્ષણિક



આલમમાં ઘેરા શોકની લાગણી ફરી વળવા પામી છે. સ્વ. રાજુભાઈ પટેલ રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા અને સૌને મદદરૂપ થવા હંમેશા તત્પર એવા ઉમદા માનવી તરીકે જાણીતા હતા અને શહેરમાં તેમણે શિક્ષણના વિકાસ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાષ્ટ્રવાદી વિચારધારા માટે સતત કાર્યરત રહ્યાં હતા.

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામના મૂળ વતની એવા રાજુભાઈ પટેલે સેક્ટર-૧૩માં ઓમકાર વિદ્યાલયની સ્થાપના કરી તમામ વર્ગના બાળકોને યોગ્ય શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નશીલ રહ્યાં હતા. તેઓ આરએસએસના ચુસ્ત કાર્યકર્તા હોવા સાથે તાલુકા કાર્યવાહકની જવાબદારી નિભાવતા હતા તેમજ ભારત વિકાસ પરિષદ સહિત સંઘના અનેક પ્રકલ્પોના વિકાસમાં અગ્રેસર રહ્યાં હતા. લેકાવાડા પાસેની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલની સ્થાપનામાં પણ સકીય ભૂમિકા ભજવનાર રાજુભાઈએ છેલ્લા કેટલાંક વર્ષોથી શહેરમાં સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લાની ૧૭ હોટલ - રેસ્ટોરન્ટ સંચાલકોને મેલેરિયાતંત્રની નોટીસ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાની મેલેરિયાની ટીમો આજે જિલ્લામાં ચાલી રહેલ હોટલ અને ઢાબાઓ પર ત્રાટકી હતી.

તંત્રની ટીમોએ આજે ૧૭ જેટલા હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબા પર ભારે બ્રીડીંગ મળતાં તેના સંચાલકોને નોટીસો આપી હતી. જિલ્લામાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી આ ઝુંબેશમાં અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ નોટીસો આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૪૦૦ જેટલી હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાઓમાં ૩૭૨૬ જેટલા સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૩૬૮ સ્થાનો પર મચ્છરોના પોરા અને બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રની ટીમોએ ૩૯૬ જેટલા હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબા સંચાલકોને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે શું શું પગલાં લેવા જોઈએ તે અંગે વિશેષ તાલિમ આપી નોડલ તરીકે નિયુક્ત કર્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૧૯૫ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબામાં ૨૨૪૫ સ્થાનોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૧૨ સ્થાનો પરથી બ્રિડીંગ મળી આવ્યા હતા. ૭ સંચાલકોને આ અંગે નોટીસ પણ આપવામાં આવી હતી.

દહેગામ તાલુકામાં ૨૫ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબામાં ૧૧૮ સ્થાનો પર ચકાસણી તંત્રની ટીમોએ કરી હતી. જેમાં ૨૮ જગ્યાએ મચ્છરોના બ્રિડીંગ મળી

● અનુસંધાન પાના - ૭ પર

# સે-૨૩ના જ-૧ કક્ષાના આવાસોમાં પાણી પુરતા ફોર્સથી આવતુ નથી

## પુરતા સમય સુધી પણ પાણી સપ્લાય ન થતા ગૃહીણીઓમાં રોષ : પાણીની પોકાર ડામવા પાટનગર યોજના સમક્ષ રજુઆત

ગાંધીનગર તા ૩૧

શહેરમાં વરસતા વરસાદ વચ્ચે સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. શહેરના સે-૨૩ ના જ -૧ કક્ષાના આવાસોમાં પુરતા ફોર્સથી પાણી આવતુ નથી જયારે છેલ્લા એક સપ્તાહથી પાણી ફોર્સથી ન આવતા સેકટરની ગૃહીણીઓમાં પણ પુરતા સમય સુધી પાણી ન આવતા આક્રોશ પ્રવર્તયો છે. શહેરમાં એકબાજુ વરસાદી ઋતુ જામી છે ત્યારે સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

શહેરના નવા અને જુના સેકટરોમાં વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરના તમામ સેકટરોમાં હાલ છેલ્લા કેટલાક વર્ષોથી પાણીનો કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે બોર તેમજ નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. શહેરમાં પાણીની જરૂરિયાત

● અનુસંધાન પાના - ૭ પર


**ઘેરબેઠાં / બાહ્ય /એક્સટર્નલ કોર્સમાં પ્રવેશ**

**એક્સપેરીમેન્ટલ કોલેજ ઓફ એજ્યુકેશન, પ્રાંતિજ, જિ. સાબરકાંઠા**

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટી અમદાવાદ સંલગ્ન / માન્ય સ્ટડી સેન્ટરમાં બાહ્ય / એક્સટર્નલ કોર્સ જુલાઈ - ૨૦૨૦થી પ્રવેશ મેળવવા માટે તાત્કાલિક સંપર્ક કરો. સંજયભાઈ પટેલ (મો. ૯૪૨૬૦ ૩૬૬૮૩) નિકુલભાઈ પટેલ (મો. ૯૮૯૮૮ ૨૪૮૧૨) વિશાલભાઈ પટેલ (મો. ૯૯૯૮૩ ૧૬૬૦૧)નો તાત્કાલીક સંપર્ક કરો.

● નીચેના એકેડેમિક / જનરલ કોર્સનો સ્ટડી સેન્ટર નં. ૧૭૪૦ છે.

(૧) ધોરણ-૮, ધોરણ-૧૦, ધોરણ-૧૨ પાસે માટેના જીવન ઉપયોગી ૬ માસના સર્ટીફિકેટ કોર્સ

(૨) ધોરણ-૧૨ પાસે માટેના નોકરી અને વ્યવસાયમાં ઉપયોગી એક વર્ષના ડિપ્લોમાં કોર્સ તથા ઉજવળ ભવિષ્ય માટેના ત્રણ વર્ષના ડીગ્રી કોર્સ - બી. એ., બી.કોમ.

● નીચેના વોકેશનલ / પ્રોફેશનલ કોર્સનો સ્ટડી સેન્ટર નં. ૦૭૯૧૭૧૦ છે.

(૧) ગ્રેજ્યુએટ થયેલા માટે બેંક અને ઓફિસિયલ નોકરીઓમાં ઉપયોગી ૧ વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં કોર્સ માર્કેટીંગ / બિઝનેસ એડમિની સ્ટ્રેશન / કોમ્પ્યુટર એપ્લીકેશન તેમજ સરકારી અને જાહેર સેવાની નોકરી માટે ઉપયોગી ૨ વર્ષનો ડિગ્રી કોર્સ એમ. એસ. ડબલ્યુ.

(૨) ધોરણ-૧૨ પાસે માટે ૧ વર્ષનો ડિપ્લોમાં કોર્સ - ડિપ્લોમાં ઈન હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર માંગ અને પુરવઠા મુજબ આરોગ્ય ખાતાની સરકારી નોકરી મેળવવા માટેનો ઉત્તમ કોર્સ છે. ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમવાર યુનિવર્સિટીએ આ કોર્સ શરૂ કરેલ છે. જે નોકરી માટે માન્ય છે.

(૩) ખૂબ જ ઓછી ફી સ્ટડી મટેરિયલ પૂરું પાડવાની અને માર્ગદર્શનની વ્યવસ્થા છે.

કો-ઓર્ડીનેટર - સંજયભાઈ પટેલ (ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સ્ટડી સેન્ટર)



**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ

અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com